ૐ

જુગારનો ઝઘડો

અને

પાપનો પશ્ચાતાપ.

સવૈયા.

જૂઠ માર્ગને કદી ન ઝાલો, જૂઠો કુંજુગાર રમવા જાય,
ચોરી જારી શીખે ચપળતા, ખુવાર ખૂબ ખલકમાં થાય;
અવિશ્વાસુ થાયે અપકીર્તિ, કા-ન વિગતથી વાંચો આપ,
જુગારનો ઝઘડો છે કેવો ? થાય પાપનો પશ્ચાતાપ.

રચી પ્રસિદ્ધ કર્ત્તા,

કહાનજી ઘેલાભાઇ શુક્લ
વળા-નિવાસી.

માસ્તર-કચ્છી વીશા ઓ. સ્થા. પાઠશાળા મુંબઇ.

સંવત ૧૯૭૫. પ્રત ૧૦૦૦. ઇ. સ. ૧૯૧૯.

કિંમત ત્રણ આના.

આ પુસ્તક મુંબઇ નં. ૯૩ ચીંચપોકલી પરેલ રોડ પર લેડી નોર્થકોટ હિંદુ
ઓર્ફનેજ ક્રૂ. એન. સેલર પ્રેસમાં ઘોંડીબા નારાયણ વનારસેએ
છાપ્યું છે અને કહાનજી ઘેલાભાઇ માસ્તરે કચ્છી
વીશા ઓસવાળ સ્થાનકવાસી પાઠશાળા પરેલ રોડ
મુંબઇમાંથી પ્રસિદ્ધ કર્યું છે.

અર્પણ પત્રિકા.

સદ્ ગુણાલંકૃત સદા પરોપકારી માનવર્ય શેઠ શીરોમણી

શ્રીમાન્ શેઠ

મે. રાવબહાદુર કેશવજી નથુ સેલર

જે. પી. એમ. બી. ઈ.

આપનું અંતઃકરણ સિંધુ સમાન દયાથી ભરેલું છે, સ્વભાવ ગંભિર અને ઉગ્ર છે, નેત્રો સમાન દૃષ્ટિવાળાં છે માધુર્યતા અમૃત સમાન છે, દીર્ઘ બાહુ કર્ણ સમાન છે. પરમાર્થ કાર્યમાં ચર્ણ વજ્ર સમાન છે, અનાથોને આશ્રય આપવામાં શરીર આમ્ર સમાન છે, ધૈર્યતા ધર્મ સમાન છે સત્યતા હરીશ્ચંદ્ર સમાન છે શૌર્યતા ભીમ સમાન છે દૃઢતા ધ્રુવ સમાન છે, તદુપરાંત ઉછરતા વિદ્વાનો કવિવરો છાત્રો તથા લેખકોને ઉત્તેજન આપવામાં આપ ભોજ સમાન છો, ગરીબોના પિતા સમાન છો એવા અનેક સદ્ગુણાત્કર્ષણે મોહાંધ થઈ "જુગારનો ઝઘડો અને પાપનો પશ્ચાતાપ" એ નામનું નાનકડું પુસ્તક આપ શિરછત્રને અર્પણ કરવા ઉત્કંઠિત છું તો તે સ્નેહપૂર્વક સ્વીકારશો એવી અભિલાષા છે. એજ વિનંતી.

લી. કૃપાકાંક્ષી,

કહાનજી ધેલાભાઈ શુક્લ,

જન્માષ્ટમી તા. ૧૯-૮-૧૯૧૯ વળા—નિવાસી.

ઇલ્કાબ માટે આશિર્વાદ.

દોહરો.

કેશવજી કરૂણાનિધિ, રૂડા રાવ બહાદુર;
શેઠ શીરોમણી આપ છો, નોત્તમ ભારત નૂર.

સવૈયા છંદ.

રામરાજના રાજ તંત્રમાં હતા વીર સ્હાયક હનુમાન,
વળી જુઓ સુગ્રીવ વિભિષણ જાંબુવાન જેવા બળવાન;
બહુ બળીષ્ટ વરીષ્ટ ગણાયા હૃષ્ટ અનુપમ ગુણ નિધાન,
હાય કરી સીતાને સ્નેહે મોટું મહીમાં લીધું માન
દુષ્ટ લોકના થોક હણીને શોક સર્વનો કીધો નાશ,
રણ વાટે રાવણને રોળ્યો માન મંત્રીને એ છે ખાસ;
શેઠ છતાં સેવક થઇ ફરતા હીંદ પતીનું કરવા હીત,
ઠરી ન ઠામે કદી બેસતા સદા ચાકડે ફરતું ચિત.
કેમ થાય કલ્યાણ સર્વનું રાખી હૃદયમાં એવી ખંત,
શમદમથી સંતોષ મેળવી આપે કાર્યો કર્યાં અનંત;
વસુ વિના વર લહે વિશ્વમાં એવો કોણ થયો ઉત્પન્ન ?
જીવન પ્રમાણ કર્યું તે રીતે પ્રથમ પદે માટે છે ધન.
નવા યુગમાં નવી પ્રજા પણ ન્યાળી હૈયે પામે હર્ષ,
શુળ દેહના ખંભીર થોભે દુશ્મન કંપે કરતાં દર્શ;
સૈન્ય સેવકો વદે સર્વજન પહેલવાન આ છે નહિ વૃદ્ધ,
લહુ અંગનો રંગ દિસે શું પ્રસંગ પડતાં આવે શુદ્ધ.
રૂળી ખપી પરમાર્થ કરતા વળી વધારે માગી ભીખ,
જે જન દુઃખીઓ ભાળે તેને સ્હાય કરીને આપે શીખ;
પીંડા હર્ણ છે પ્રૌઢ--પિછાણી શાણી સરકારે નીજ નૂર,
એક નહિ પણ અનેક અરપ્યા ખિતાબ સુંદર ખુશ થઇ ઉર.
મળ્યો નવો ઇલ્કાબ આપને એવા બીજા મળો અનેક,
ઔરદ વૃદ્ધિ પામે બુદ્ધિબળ સત્કર્મે સત્કીર્તિ છેક;
ઈચ્છા પૂર્ણ કરો અંતરની દીર્ઘાયુષ દેજો ભગવાન,
સદા સંપતિ તથા સંતતિ આપો એજ કહે છે 'કાન'.

દોહરો.

આબાદી આરોગ્યતા, સુખ આપો સંસાર;
કાન શુભાશિષ એ કહે, કરૂણાળુ કીરતાર.

તા. ૧૯-૮-૧૯ — કા. છે. માસ્તર.

વિદ્યાર્થીઓને બોધવચન.

જુગારનું ઝેર મનુષ્ય જીન્દગીને જોખમકારક છે માટે તેવા માર્ગે ન જતાં પહેલાં જુગારનો ઝઘડો જુઓ અને પછી પૈસા ખુઓ.

કવાલી–ગઝલ.

વિચારી ચાલજો વ્હાલા, ઠગાશો ના તમે ઠાલા;
વિકારી વિશ્વનો વગડો, જુઓ જૂગારનો ઝઘડો.
મળે સ્વાર્થી ઘણા મિત્રો, ચિતેથી ચિંતવી ચિત્રો;
પછી તે સાથને પકડો, જુઓ જૂગારનો ઝઘડો.
મૂરખના મોહ મંત્રોમાં, તમે ભમશો ન તંત્રોમાં;
તમાચો મારીને તગડો, જુઓ જૂગારનો ઝઘડો.
ચડયા જે જૂઠને ચાળે, ફરી બેઠા નથી માળે;
દગા ના લાગતાં દગડો, જુઓ જૂગારનો ઝઘડો.
જૂઠું બોલે જૂઠું ચાલે, બીજાને બાથમાં ઘાલે;
ઘુંટાવે છે પછી બગડો, જુઓ જૂગારનો ઝઘડો.
ઘસો કરવા ન એ ધંધા, છતાં આંખો બની અંધા;
રખેને ભૂલથી રખડો, જુઓ જૂગારનો ઝઘડો.
પગથીઉં જૂઠનું પેલું, સુખદ ચડતાં દીસે સ્હેલું;
થતાં બોજો શીરે બખડો, જુઓ જૂગારનો ઝઘડો.
બુરામાં ઝેર છે બુરૂં, ઉતરતું એ નથી પૂરૂં;
જીવન ખરતાં સુધી રવડો, જુઓ જૂગારનો ઝઘડો.
સ્વચ્છંદી થઇ બુરા છંદે, પડયા જે દ્યુતને ફંદે;
મળી તેની નથી સગડો, જુઓ જૂગારનો ઝઘડો.

કથન છે સત્ય એ માટે, ખુલા દ્રગથી જુઓ જાતે;
પછી લેજો ખરી અગડો, જુઓ જૂગારનો ઝઘડો.

જુગારીના જુઓ ઢંગો, ઉઘાડાં ફેરવે અંગો;
લિજત લેવા જતાં લગડો, જુઓ જૂગારનો ઝઘડો.

રમે હારે છતાં બમણો, ભલે ત્રીફાય પણ ગ્રમણો;
ભરે પાછો નહીં પગડો, જુઓ જૂગારનો ઝઘડો.

મળે નહીં અન્ન કે પાણી, ઉભું રાખે ન કો' પ્રાણી;
ઘસી કર થાય છે ઘરડો, જુઓ જૂગારનો ઝઘડો.

શીખે ચોરી પછી કરતાં, દીલે જારીથી નવ ડરતાં;
રસિક રસનો પીતાં રગડો, જુઓ જૂગારનો ઝઘડો.

ધણી બનવા જતાં ધોરી, લીધો વળગાડ રે! વ્હોરી;
ખુવારીનો કર્યો ખરડો, જુઓ જૂગારનો ઝઘડો.

અવિશ્વાસુ થઇ આવો, કરેશું કીર્તિનો દાવો ?
ઉડાવી આમ દઇ દમડો, જુઓ જૂગારનો ઝઘડો.

અરે! ઉદ્યમ તજી આવા, સુખી સંસારમાં થાવા;
સુપંથે 'કા–ન' મન મરડો, જુઓ જૂગારનો ઝઘડો.

કર્ત્તા,

કહાનજી ઘેલાભાઇ શુક્લ.

વળા–નિવાસી.

ઉદ્દેશ.

આ સંસાર સમુદ્ર મહા ભયંકર અને માયાવી મારૂતના પ્રચંડ સપાટે પ્રૌઢ ઉછળતા તર્ક વિતર્ક મોજાંઓથી ઉન્મત થઇ ગર્જના કરી રહ્યો છે. તેનો પાર પામવાને કુદરત કપ્તાને—નિર્માણ કરેલું દિવ્ય તથા મનોહર દેહ નૌકા—ધર્માશ્રય તળે પર્યટનાર્થે નીકળી પડેલું છે તે વિશ્વ વ્યવહારીકના વ્યતિરેક આ વર્ણોને ઓળંઘીને સમુદ્રના મધ્યસ્થાનના તોફાની તરંગો વચ્ચે આવી પડતાં તેનો ઉદ્ધાર કરવાને કુદરતી ધર્મ કપ્તાને ધ્યાન ખેંચવા વિસ્મર્ણ ન થવા કોશેષ કરવી જોઇએ એટલુંજ નહીં પરંતુ વિશ્વ વિષયાદિક વિઘ્નરૂપ ખરાબાથી વિલગ રાખવાને દૃષ્ટિરૂપ દુરબીન મૂકી તપાસવાની ખાસ આવશ્યકતા છે કારણ કે નહિ તો સરળ માર્ગને છોડી નૌકા અવળે માર્ગે દોરાઇ જશે તો પછી તેની કેવી દુર્દશા થશે તે કાંઇ કહી શકાતું નથી. માટે આપણે નૌકામાં બેઠેલા જીવો એ ધર્મ કપ્તાનના હુકમ પ્રમાણે વર્તન રાખવાની જરૂર છે, જો તેના નીયમાનુસાર વર્તન નહિ રાખવામાં આવે તો પછી આપણે કેવી ભયકંર સ્થિતિને ભોગ થઇશું તે આપણે પોતાનેજ વિચારવાનું છે.

આપણા હિંદુ ધર્મ પ્રમાણે જે જે તહેવારો પાળવામાં આવે છે તે.તે એક ધર્મ કપ્તાનની આજ્ઞાઓ છે. માટે હંમેશાં ધર્મ આજ્ઞાઓનું પ્રતિપાદન કરી ચાલવાને બદલે ધર્મ તહેવારને તરહેવાર માની કેવળ સ્વચ્છંદી વર્તનમાં વધારો થતો જોઇ ઘણી દિલગીરી થાય છે કે જે દહાડામાં પરમાત્માનું પુજન, ધ્યાન, સ્મર્ણ અને ભક્તિ કર-

વાની અને દાન, નિયમ, પુન્યાદિક ક્રિયા કરવાની છોડી–જુગાર–પાનાં-ચોપાટ વિગેરે વિવિધ ખેલોને પસંદ કરી દિવસ નિર્ગમન કરે છે, સાથે હજારો રૂપીઆનું નુકશાન ભોગવી પાયમાલ સ્થિતિ ઉપર આવી જાય છે એ હિંદુ ધર્મને ઓછું લાંછન નથી માટે તેવું લાંછન ન લાગવા દેવા તથા જુનો અને સરળ માર્ગ હાથ કરવા–કાળજી રાખવાની જરૂર છે. નહિ તો ગાંફલપણામાં દેહ નૌકાનું સત્યાનાશ વળી જશે એ ભુલવાનું નથી.

જુગાર એ જીન્દગીને જોખમમાં નાખનાર દુષ્ટમાર્ગ છે અને ખરાબ માર્ગે અનેક માણસો ચડી, સ્થિતિની, પૈસાની અને પોતાની આબરૂની પાયમાલી કરી છેવટે જીવના જોખમમાં પણ ઉતરી ગયા છે માટે તેમ ન થવા તથા ઉછરતા વિદ્યાર્થીઓને આવા દુર્ગંણોથી દૂર રાખવા જુગાર સંબંધે સંવાદ લખવા કોચીન ગુજરાતી શાળાના પ્રમુખ સાહેબ મે. રામજીભાઇ કુંવરજી પાઠક તથા સુપ્રસિદ્ધ લેખક અમૃતલાલ સુંદરજી પઢીયાર તરફથી સૂચના થતાં મારી અલ્પબુદ્ધિથી તત્સંબંધે આ લઘુ સંવાદ લખાએલો છે. તે સર્વ માન્યવર બંધુઓ વાંચી સદ્‌ વર્તણુંક તથા ધર્મ ક્રિયામાં વૃદ્ધિ કરશે તો હું મારા કરેલા કાર્યમાં પણ સફળ થયો સમજીશ.

વિદ્વવર્ય, વાંચક વર્ગ બંધુને વિનંતી કરૂં છું કે લખાએલા વિષયમાં કોઇ પણ સ્થળે હ્રસ્વ, દિર્ઘ, કે અન્ય ખામીઓ દૃષ્ટિગોચર થાય તો આપ મરાળ માફક સુસત્વ ગ્રહણ કરી હસ્તાદિક દોષોની ક્ષમા આપવા કૃપા કરશો એવી મારી નમ્ર પ્રાર્થના છે.

લી. કર્ત્તા.

શ્રી શારદાયનમઃ



જુગારનો ઝઘડો અને પાપનો પશ્ચાતાપ.

પ્રભુ પ્રાર્થના.

રાગ કાનરો.

ઇશ્વર તારી ગતિ અતિ ન્યારી
પાર ન પામી શકે નરનારી............ટેક.
જળમાં સ્થળ સ્થળમાં જળ પળમાં;
ઘડી ઘટ માળ વિચિત્ર વિચારી............ઇશ્વર.
રંક બને છે રાય પલકમાં;
ભૂપતિ ક્ષણમાં થાય ભિખારી............ઇશ્વર.
ન્યાય બરાબર આપી નિરંતર;
રાખે સહુ સમતૂલ સુધારી............ઇશ્વર.
"કા–ન" અનંત શ્રીમંત કૃપાળુ;
જાઉં વિભુ તારી પર વારી............ઇશ્વર.

अंक पहेलो.

પ્રવેશ પહેલો.   સ્થળ—એકાન્ત ભુવન.

દિનશંકર—અહા ! પ્રભુ ત્હારી લીલા અપાર છે, તું પલકમાં ચાહે તેમ કરી શકે છે. રાયને રંક કરે છે; અને રંકને માથે છત્ર ધરે છે. તો હું પણ એક રંક છું. મારે માથે સુખનું છત્ર નહિ ધરતાં દુઃખનું વાદળ શા સારૂ ઉશકે છે. તે કંઇ સમજી શકાતું નથી. મેં એવો શું અપરાધ કર્યો છે, કે મ્હારા સ્નેહીઓ ગાડી ઘોડામાં બેસી સંપૂર્ણ મોજશોખ ઉડાવે છે. અને હું આવી દુર્દશાને ભોગ થઇ આંખમાંથી આંસુ પાડું છું. અરેરે ! પ્રભુ જેવી તારી દયા. તારી દયાને આધિન થયા સિવાય ચાલે તેમ નથી. [નિઃશ્વાસ નાંખે છે] શિવ, શિવ, શિવ, [એટલું બોલી રવાના થવા વિચાર કરે છે એટલામાં નંદશંકર પ્રવેશ કરે છે.]

નંદશંકર—કેમ દિનશંકરભાઇ કેમ ચાલે છે, આજે તો કંઇ વિચારમાં પડયા લાગો છો ? એવો શું વિચાર છે કે મોઢું છેક ઉતરી ગયું ?

દિનશંકર—નહિ ભાઇ કંઇ નહિ. વિચાર પૈસાવાળાને આપણે વળી વિચાર શા ?

નંદશંકર—ના, તો પણ કંઇક છે. મારા સમ જો ન કહો તો, શું છે કહો જોઇએ ?

દિનશંકર—શું કહું ભાઈ, તમે કયાં જાણતા નથી.

નંદશંકર—શું જાણું ભૂળ? હું કંઇ પરમેશ્વર નથી, કે તમારા પેટની વાત જાણી શકું.

દિનશંકર—અરે! ભાઇ. શું કહું, કહેતાં પણ શરમ લાગે છે. આ મારી ગરિબ સ્થિતિના જીવન કરતાં મને તો મરવું ઘણું ઉત્તમ લાગે છે. પણ શું કરૂં મોત પણ આવતું નથી. [એમ કહી રડવા લાગે છે.]

નંદશંકર—અરેરે! દિનશંકર તું તો રડતોને રડતોજ રહ્યો. તારે તો ભેગું કરીને કરવું છે શું? મફતની હાય વોય કરીને માથું કુટે છે. ચાંડલા કરીને ગામમાંથી ઘણા પૈસા એકઠા કર્યા છે. તે બધા ક્યાં ગયા? શું કીને ભોંયમાં ભંડારી રાખીશ તેથી શું બમણા થવાના છે? અમારે તો કાંઇ નથી લાખ મળવાના નથી ને લખેશરી થવાના નથી.

દિનશંકર—લખેશરી તો ઠીક, પણ મરણમુડી તો જોઇએજ ના.

નંદશંકર—ઓહો! પૈસા જોઇએ તેમાં શું? ચાલ તને એક રસ્તો બતાવું કે જેમાંથી તારે ઘેર પૈસાનું ઝાડ પેદા થાય. ને તારા છોકરાના છોકરાં, ને તેનાં છોકરાં પણ પેટ ભરીને ખાય.

દિનશંકર—એવો રસ્તો શું છે?

નંદશંકર—છે. પણ તે કાચે કામે બતાવાય તેમ નથી.

દિનશંકર—ત્યારે કેમ બતાવશો?

નંદશંકર—જો, તું, મારી પરમેશ્વર તરીકે પૂજા કરશે. અને પ્રસાદ તરીકે રૂ. ૨૦૦, ૫૦૦ ધરશે તો તને બધો રસ્તો મળી શકશે.

દિનશંકર—અરે! ભાઇ, પૈસાનાં ઝાડ બતાવતો હોય તો બસો પાંચસો શું વિશાતમાં છે.

નંદશંકર—ઠીક. લાવ ત્યારે;

દિનશંકર—(ભોંયમાંથી ખોદી આપે છે.) ભાઇ તને આપું તો છું. પણ જોજે હો.

નંદશંકર—તમે તો ભોળા માણસ છો. એટલું પણ જાણતા નથી. કે જાય કે આવે. પણ જાયજ કેમ? તારૂં નશીબ તેજ છે.

દિનશંકર—તેજ તો ઠીક! પણ છેલશંકર આવે તો, આનંદ આવશે. માટે તેને પણ સાથે લેઇએ. [એટલામાં છેલશંકર આવે છે.]

નંદશંકર—લો, છેલશંકર પણ સંભારતાંજ આવ્યો. આયુષ્ય તો ઘણું છે. હો ભાઇ!

દિનશંકર—આવો છેલશંકરભાઈ આવો. તમને યાદજ કરતા હતા.

છેલશંકર—કેમ?

દિનશંકર—કેમ શું? પૈસાનાં ઝાડ જોવા. કેમ આવવું છે ના?

છેલશંકર—(આશ્ચર્ય પામીને) હેં શું! પૈસાનાં ઝાડ!

દિનશંકર—જી; હા.

છેલશંકર—કયાં છે?

દિનશંકર—નંદશંકરને ખબર; મને ખબર નથી.

છેલશંકર—કેમ? નંદશંકરભાઇ આ વાત સાચી કહે છે?

નંદશંકર—ત્યારે શું ખોટી છે? આવવું હોય તો તમે પણ ચાલો.

છેલશંકર—(નંદશંકરને) વાહરે ? વાહ ! તમે પણ નંદ છો. પૈસાનાં ઝાડ તે કોઇ ઠેકાણે જોયાં છે કે સાંભળ્યાં છે ?

નંદશંકર—ન જોયાં કે ન સાંભળ્યાં હોય તો ચાલો અમારી સાથે.

છેલશંકર—ઠીક છે. ચાલો, પણ ઝાડ જોવાની દાક્ષણા આપવી પડશે કે નહિ ? ને આપવી પડશે તો કેટલી ?

નંદશંકર—જૂજ.

છેલશંકર—આનો, બે આના.

નંદશંકર—નારે, ના, ધરવા પડશે તો માત્ર બસો, પાંચસો.

છેલશંકર—(ચમકીને) હેં શું ? પાંચસોને શું કરીશું ?

નંદશંકર—પાન ઉપર દક્ષિણા મુકીશું, બીજું શું ?

છેલશંકર—પછી શું કરીશું ?

નંદશંકર—ઝાડને ખંખેરી શું.

છેલશંકર—આ તે ઝાડ કે જુગાર.

નંદશંકર—હા, જો; હા. એજ પૈસાનું ઝાડ. છેલશંકરભાઇ એ તો જોયું લાગે છે; કેમ કેવું છે.

છેલશંકર—એ તો બહુ મજાનું ઝાડ છે, જુઓને હું મારી બાયડીની આ બંગડી વેચી ત્યાંજ જવાનો હતો. પણ ઠીક થયું કે તમે પણ સાથે થયા.

નંદશંકર—જોયું દિનશંકરભાઇ ? પૈસાના ઝાડનો કેવો પ્રતાપ ? ઝાડે ચડયું બે ભાળે છે ના ?

દિનશંકર—ઓહો ! એમાં શું મણા. ચાલો ભાઇ ચાલો હવે ઢીલ ન કરો. (જાય છે.)

પ્રવેશ બીજો.

સ્થળ-રાજમાર્ગ.

[જુગારીદાસ, ચેતનદાસ, મૂરખદાસ, અને પાછળથી ભૂલ-શંકર આવે છે. તેઓ જુગારના તોરમાં ગાયન ગાતાગાતા ચાલ્યા જાય છે.]

પદ.

ખૂબ ખેલીએ (૨) જુગાર ખૂબ ખેલીએ.........ટેક.
ભાભે ભર્યું છે નાણું ભંડારમાં ઉડાવો થેલીએ થેલીએ......ખૂ.
ખુટે કદાપી તોએ થયું શું હળવેથી જાશું હવેલીએ......ખૂ.
ચેતનદાસ—ત્યાં જઇને શું કરશું?
ખીસ્સાં કાતરશું ખાસી ખુબીથી—અક્કલથી કામ ઉકેલીએ...ખૂ.
પૈસા પ્રપંચે લેશું પડાવી—હડસેલી પાસા હથેળીએ.........ખૂ.
પહેલા નંબરના પક્કા ખેલાડી—બની મૂછે હાથ મેલીએ......ખૂ.

જુગારીદાસ—કેમ મિત્ર મૂરખદાસ, તમે તો કંઇ ટેસમાં લાગો છો! માલ કેટલોક છે.

મુરખદાસ—મારી પાસે પુષ્કળ છે, કેમકે મારી ભાભી પાણી ભરવા પહોંચી એટલે બંદાએ તાળાં ચાવી લાગુ કરી તીજોરીમાંથી તમામ ઘરેણું ઉઠાવી લીધું.

જુગારીદાસ—ખબર પડશે તો?

મૂરખદાસ—તોએ શું થઇ ગયું, કે શું કે મને શું ખબર?

જુગારીદાસ—(ચેતનદાસ સામું જોઇને) તમે કહેશો કે કેટલું આણ્યું છે?

ચેતનદાસ—મારી પાસે પણ ઘણું છે. શેઠની ઉઘરાણી કરવા ગયો હતો, તેમાંથી માંડ માંડ પચાસ હજાર મેળવ્યા છે. માટે કંઇ ફીકર નથી.

જુગારીદાસ—શેઠ જાણશે તો?

ચેતનદાસ—જોયા જાયગા. હમણાં તો ઉડાવો મઝા ઔર કયા? ચાલે છે એ તો ગાજરની પપુડી વાગી ત્યાં સુધી વાગી, ને પછી ખાવાની તો છેજ ના.

જુગારીદાસ—તમારૂં કામ પણ એવડે દોરે છે હો. પેલું સામે કોણ આવે છે?

મૂરખદાસ—એ તો ભૂલશંકર.

ચેતનદાસ—કેમ? ભૂલશંકરભાઇ? જુગાર ખેલવા પધારો જુગાર ખેલવા.

ભૂલશંકર—નારે? ભાઇ. જુગાર કેવો જુગારનું નામ પૂરૂં જાણતો નથી. તો પછી રમત તો કયાંથીજ જાણું.

મૂરખદાસ—કેમ જાણતા નથી? ગયે વર્ષેજ મારી પાસેથી સવાસો રૂપીઆ જીત્યા હતા. અને ખોટું કેમ બોલો છો?

ચેતનદાસ—એમાં શું ખોટું? જૂઠું બોલવું એ તો આપણો ધર્મ છે. કહ્યું છે કેઃ—

જારી, જુગારી, ચોર, જન—જૂઠા સોગન ખાય;
જૂઠું જે બોલે નહિ—તેથી કામ ન થાય.

[ખીસો તપાસીને] જોયું? આપણને પણ બનાવે છે. ખીસ્સામાં તો રૂપીઆ છણછણાટ કરે છે.

ભૂલશંકર—પત્થરા છે, વાલકેશ્વરના પત્થરા.

મૂરખદાસ—નથી તો હરકત નહિ, આપણા જુગારી શેઠ આપશે.

ભૂલશંકર—પણ પાછા આપવા કયાંથી?

ચેતનદાસ—ખીસ્સામાંથી બીજે કયાંથી?

ભૂલશંકર—એવો હું પૈસાદાર નથી, કે મારા ખીસ્સામાં પૈસા રહે. માંડ વીસ રૂપીઆનો પગાર મળે તેમાં વળી, વાસી રહેશું ને કુતો ખાય શું.

મૂરખદાસ—જાણ્યું તમારૂં ડહાપણ આડી વાતો મૂકી દઇને ચાલો અમારી સાથે.

જુગારીદાસ—આ પણ પક્કો માણસ છે.

મૂરખદાસ—તમને શું ખબર છે? મારા મહેરબાન, આ તો ચીથરે બાંધ્યું રતન છે. દેખાય છે ઠીંગણો પણ એટલો બીજો ભોંયમાં છે. એ તો આપણને પણ વેચીને ખૂડદા કરે તેમાંનો છે. અને ખેલાડી પણ પહેલા નંબરનો છે. એને હું સારી રીતે ઓળખું છું. [પકડી રાખે છે.]

ભૂલશંકર—અરે! પકડો કાં, મારે મારા શેઠની હુંડી લેવા જવું છું.

મૂરખદાસ—નહિ જવાય; નહિ. મારા સોગન છે, જો તમો જાઓ તો. ચાલો અમારી સાથે. [તેનું ખીસ્સું દબાવીને] પૈસા તો આ રહ્યા ને ખોટું શા માટે બોલો છો?

ભૂલશંકર—પણ કોના બાપના?

જુગારીદાસ—અત્યારે તો આપણા બાપના, રમવું ને વળી પતરાશ શી? સૌ ભાઇઓનો આગ્રહ છે, તો ચાલો જીતશો તો લેઇ જશો તેમાં તમારૂં શું જશે.

ભૂલશંકર—જીતે તે શું જોડા? કરમ તો કોડીનાં છે. નહિ તો શેઠ ન બનીએ શેઠ?

ચેતનદાસ—તે પણ થશો ચાલો હવે.

ભૂલશંકર—ચાલો આગ્રહ છે તો.

જુગારીદાસ—ચાલો પણ નંદશંકર કેમ ન આવ્યો?

મૂરખદાસ—[આંગળી બતાવીને]. જુઓ તે આવે છે ને બીજાઓને પણ સાથે લાવે છે.

ચેતનદાસ—આવો ભાઇઓ.

નંદશંકર—જી, હા, ચાલો. આજે તો બહુજ મોડું થયું છે. [સર્વે જાય છે.]

પ્રવેશ ત્રીજો.

સ્થળ-જુગાર ભુવન.

[ચેતનદાસ, અને જુગારીદાસ તથા બીજાઓ હારી જતાં અંદર અંદર ઝઘડો થાય છે.]

જુગારીદાસ—જાય તે કેમ? પકડો તેને, શું બાપનો માલ છે, કે લેઈ જશે; હજુ સૌ ભાઇઓને રમવું છે. [એમ કહી પકડી રાખે છે.]

ચેતનદાસ—હવે શું રમે કપાળ? રમી રમીને તો થાકયા, હવે ઘરે જાવું કે નહિ? હાર્યો જુગારી બમણું રમે એવું તમો પણ કાં કરો; મને ખોટી ન કરો મારે જવું છે. રમવું હશે તો કાલે વાત.

જુગારીદાસ—કાલની વાત કાલે કરજે અમારે તો અત્યારે રમવું છે. કેમ, તું રમે છે કે નહિ? નહિ તો કંઈક કહેવું પડશે.

ચેતનદાસ—બોલ શું કહેવું છે? [એમ કહી ઠાંસો ઉગામે છે.]

મૂરખદાસ—શું તારે ઠાંસો મારવો છે? માર્યા, માર્યા, તારો શું ભાર છે. લે માર જોઇએ કેમ મરાય છે?

ચેતનદાસ—કેમ શું? આમ. (એમ કહી ઠાંસો મારે છે, એટલે મૂરખદાસ બૂમ પાડે છે.)

મૂરખદાસ—મારો, મારો, કેવો દુષ્ટ છે. એક તો પૈસા લેઈ જાય છે ને ઉલટો મારે છે, માટે મારો એ નીચને.

દિનશંકર—મરી ગયો રે? બાપલીઆ. [આવી બૂમરાણથી માણસો ભેગાં થાય છે, તેમાંથી એક ચોર આવી પેટી ઉઠાવી જાય છે.]

કલ્યાણદાસ—અરે? આશો ઉત્પાત; આટલી બધી ધમાધમ કેમ? [કલ્યાણદાસનો અવાજ સાંભળી બધા જુગારીઓ શાંત થઇ જાય છે.]

મૂરખદાસ—[કલ્યાણદાસ સામું જોઇને] કાકા, જુઓને આ ચેતનીઓ પૈસાની પેટી લેઇ જાય છે.

કલ્યાણદાસ—શા માટે?

મૂરખદાસ—જીત્યો માટે, શું એના બાપના થઇ ગયા. તેનાથી આ બધાના પૈસા કેમ લઇ જવાય.

કલ્યાણુહાસ—જીત્યો માટે લેઈ જાય એમાં નવાઇ શું?

દિનશંકર—કાકા લેઇ કેમ જવાય? જો લેઇ જાય તો હું ગરીબ બ્રાહ્મણ માર્યો જાઉં. મારા ભોગ લાગ્યા કે હું રમવા આવ્યો, પેટમાં ખાધું પણ નહિ ને માંડ માંડ કરીને પાંચસો રૂપીઆ ભેગા કર્યા, તે પણ આ પ્રમાણે ગયા. "કહેવત છે કે" અકરમીના પડીઆ કાંણા. વળી બીજી પણ "કહેવત છે કે"

કરમ વિનાના કરમી થઇને—કેની જાને જઇએ
કરમમાં હોય લુખા રોટલા—ચોપડયા કયાંથી ખાઇએ.

અરેરે! મારૂં પણ તેમજ થયું. મને તો આનંદશંકરે છેતર્યો. નહિ તો પૈસાનું ઝાડ જોવા આવત નહિ. નંદશંકર તારૂં સત્યાનાશ જજો. તને કોઇ ન મળ્યું કે આ ગરીબ બ્રાહ્મણ મળ્યો. હાય! હાય! હવે હું શું કરીશ; ને મારી જીંદગી કેમ કાઢીશ? બાપલીઆ.

નંદશંકર—ભાઇ આવી ખબર નહિ, જો મને આવી ખબર હોત તો હું પણ બધું ગુમાવી બાવો થાત નહિ.

છેલશંકર—જુઓને હું પણ કેવો મૂર્ખ? કે મારી બાયડીની બંગડીઓ વેચીને રમવા આવ્યો. આશામાં ને આશામાં મરી ગયો રે! બાપલીઆ. ખાવાને અન્નપાણી રહ્યું નહિ.

ભૂલશંકર—વોય, વોય, મેં પણ કેવી ભૂલ કરી, કે શેઠને પૂછયા વિના હુંડીના પૈસા લેઇને અહીં આવ્યો. જુગારીઓ તમારૂં સત્યાનાશ જાઓ, કે આગ્રહ કરીને મને પણ રમવા આણ્યો. [એટલામાં ચેતનદાસ રડતો રડતો આવે છે.]

ચેતનદાસ—મરી ગયો રે! બાપલીઆ. મારી પેટી કોઇ ઉઠાવી ગયું. હવે હું મારા શેઠને મારૂં કાળું મોઢું કેમ બતાવીશ. હું તો ધોએલા મૂળા જેવો થઇ ગયો. હાય! હાય! હવે હું શું કરૂં. વીસ રૂપીઆના પગારમાં શેઠની ઉઘરાણીના પચાસ હજાર પરભાર્યા લીધા તે હવે કયાંથી આપવા? મારૂં તો મોત આવ્યું, રે! બાપલીઆ.

કલ્યાણદાસ—ભાઇઓ? તમો રડોમાં શાંત થાઓ. થયું તે થયું; ગત વસ્તુનો શોક કરવો નહિ. કારણ કે ખાલી શોક કરવાથી પાછું મળી શકે તેમ નથી. આ ધંધો નીચ છે માટે આ રમતમાં આથી પણ વધારે નુકશાન થયું હોત તો હું ઘણોજ ખુશી થાત કેમ કે તમે બહુ ખોટું કામ કરો છો. પણ યાદ રાખજો કેઃ— "જુગાર" એ એક હરામ ચસકો છે જેને તે હરામ ચસકો લાગે છે તે માણસ દુનિયાંમાંથી પાયમાલ થઈ જાય છે. જુગાર એ જૂઠું બોલવાનો રસ્તો છે, જુગાર જૂઠું બોલાવે છે, ચોરી કરાવે છે, ટંટો કરાવે છે, અને સગાવહાલાંઓમાં પણ વીરોધ પડાવે છે. એટલુંજ નાહ પણ દુનિયાંમાં નિંદાપાત્ર પણ તેજ કરાવે છે. જુગાર રમવાથી આબરૂ જાય છે, ને માણસોમાંથી ભરૂંસો પણ ઉઠી જાય છે. એવા જુગારી માણસોને કોઇ પણ આંગણે ઉભું રાખતું નથી, ને કોઇ વેળા કમોતપણ કરાવે છે. તો પણ એવા દુષ્ટ જુગારને પસંદ કરી મોટા મોટા ગૃહસ્થો, વેપારીઓ, અને સ્ત્રીઓ પણ પવિત્ર તહેવારોમાં જુગારનું મહાપાપ કરે છે. તેમાં કેટલા એક દેવાળું કાઢી દુઃખના દહાડા ભોગવતા થાય છે. જેના ઘરમાં જુગારીઓ એકઠા થઇ જુગાર ખેલે છે, તેના ઘરમાં જમનો પાટલો

બેઠેલો ગણાય છે, જેના ઘરમાં ભાઇઓને બ્હેનોએ જુગાર ખેલ્યો છે, તેઓને ભવિષ્યમાં ઘણું માઠું પરિણામ ભોગવવું પડયું છે. દાખલા તરીકે જુઓ—લોભીલાલભાઇએ લક્ષ્મીની લાલચે જુગારનો પાટલો ઘરમાં માંડયો હતો. તો તેના પરિણામે સર્વે લક્ષ્મીનો નાશ થયો, અને અંતે દેવાળું કાઢવાનો વખત આવ્યો. તેમજ વિષયલાલને પણ વેશ્યાને ઘેર વસવું પડયું. વળી લક્ષ્મીબાઈ, કજીઆબાઇ, અને અવિદ્યા ગૌરીને વન, વન, ભટકી ભૂખ તરશ વેઠી મરણને શરણ થવું પડયું તેનું કારણ પણ જુગાર છે. વળી જુઓઃ—પૂર્વે કૌરવો ને પાંડવો, નળ અને પુષ્કર અને એવા એવા અનેક મહાપુરૂષો અને સ્ત્રીઓ જુગારના ફંદમાં પડી રાન, રાન, રવડી, રવડીને ખુવાર થઇ ગયા છે. તેના નામની નિશાનીઓ આપણી આંખની આગળ મોજુદ છે. આપણે જાણીએ છીએ કે જુગાર એક જીંદગીનું જોખમ છે. છતાં પણ તેનો છેડો છોડી શકાતો નથી. કેમકે જુગાર રમનારાઓમાંથી, જે માણસ જીતે છે; તેને એક જાતના નિશાનો તોર ચડે છે, અને હારનાર માણસને ક્રોધનો આવેશ પ્રગટ થાય છે, જેથી અંદર અંદર કપાઇ મરે છે. તે તમારાજ દાખલાથી તમે જાણી શકતા હશો. કહેવતમાં કહેલું છે કે "જુગારમાં" જીતે તેનું અર્ધું મોઢું કાળું, અને હારે તેનું આખું મોઢું કાળું કહેવાય છે. તો પણ જુગારનો છેડો છોડી શકાતો નથી. તે બાબત હું ઘણોજ દીલગીર છું.

જુગારીદાસ—કાકા, તમારૂં કહેવું સત્ય છે. જગતમાં ખરાબી કરનાર જુગારજ છે. જુઓને હું પણ કેવો ઘેલો કે, મારા બાપે પાઇ, પાઇ, કરીને પાંચ લાખ રૂપીઆ એકઠા કર્યા તે મેં પલકમાં

કાંકરાની માફક ઉડાવી નાંખ્યા. તે પણ જુગારમાંજ ગયા. મને અફસોસ થાય છે કે નાણાનું નાણું ગયું, ને હું જગતમાં નિંદાને પાત્ર થયો. માટે ધિક્કાર છે આ મારી જીંદગીને.

મૂરખદાસ—હું પણ કેવો મુર્ખ કે બિચારી મ્હારી માએ રેંટીઓ કાંતીને પેટમાં અન્ન પણ પુરૂં ખાધું નહિ. અને મારા માટે પુષ્કળ પૈસો વધાર્યો. તે મેં આંધળાએ અવળે માર્ગે ઉડાવી નાંખ્યો, એથી મને પસ્તાવો થાય છે. કે આ કરતાં હું મારી માને પેટે પત્થરો પડયો હોત તો શું ખોટું હતું ! [નિઃશ્વાસ નાંખે છે.] શિવ, શિવ, શિવ.

ચેતનદાસ—ખરેખર મારૂં પણ તેમજ થયું. જીત્યો. પણ ન જીત્યા જેવો થઇ પડયો, કહ્યું છે કે—कीडी संचे तेतर खाय अने पापीनुं धन पले जाय ॥ વળી બીજી પણ કહેવત છે કે, चोरीनुं चंडाळे जाय; ने पापी हाथ घसतो थाय ॥ તેમ હું પણ હાથ ઘસતોજ રહ્યો. હવે શું કરૂં ! અરે ! રે ! શેઠને પૂછ્યા વિના પચાસ હજારની ઉઘરાણી ઉચાપત કરી, પૈસાદાર થવાની લાલચે જુગાર ભુવનમાં આવ્યો, અને નાંણાનો નાશ કર્યો. હવે હું શેઠને શું કહીશ. ખરેખર મારૂં તો મોતજ આવ્યું લાગે છે. પ્રભુ દયાળુ થઇને જો આ આફતમાંથી બચાવે તો કોઇ દહાડો જુગાર ન રમવાની પ્રતિજ્ઞા કરૂં છું. સર્વે–[આખમાં આંસુ લાવીને] કાકા અમે પણ પ્રતિજ્ઞા કરીએ છીએ કે હવે પછી કોઇ દહાડો જુગાર રમીશું નહિ.

કલ્યાણદાસ—તેની શું ખાત્રી કે હવે પછી જુગાર નહિ રમો. જુગારીઓનો વિશ્વાસ શું ? એ તો જ્યાં સુધી પેસા ન મળ્યા હોય ત્યા સુધા પ્રતિજ્ઞા. પણ પૈસા હાથ પડયા કે પાછા જુગારનો જુગાર રમવા દોડી જાય.

ચેતનદાસ—તમારૂં કહેવું વ્યાજબી છે. પણ હવે પછી તેમ થશે નહિ. કારણ કે વડીલોનું વચન યાદ આવતાં મારૂં હૃદય ફાટી જાય છે. કહ્યું છે કે,

જે જન રમે દુષ્ટ જુગાર—તેનાં જાય છે ઘર બાર;
જોરૂ જમીન જર વેચાય—મીલકતનું મીડું મૂકાય.
ખાલી ન રહે ખાવા અન્ન--વેઠી ભૂખ ફરશે વન;
તો પણ દુઃખનો નહિ પાર—નાવે ગયું "નાક"લગાર.
નિંદે જગતમાં નર નાર—એ સંસારમાં શું સાર ?
જે જન રમે દુષ્ટ જુગાર--તેને "કા–ન" છે ધિક્કાર.

સર્વે-ધિક્કાર, ધિક્કાર, ધિક્કાર.

ચેતનદાસ—માટે હવે પછી આવા ધિક્કારોથી દૂર રહેવા અમારા અંતઃકરણનો અફસોસ, ખાત્રી આપનાર બસ છે.

કલ્યાણદાસ--શાબાશ. બંધુઓ શાબાશ. તમારા જેવા જુગારના પૂર્ણ વ્યસનીઓના અંતઃકરણમાંથી આવા ઉત્તમ ઉદ્‌ગારો નીકળતા જોઇ મારા મનને ઘણોજ આનંદ થાય છે. અને લાગે છે કે હવે પછી, તમે જુગાર રમશો નહિ. ભાઇઓ આ પ્રમાણે આવા દુષ્ટ રિવાજોને જડ મૂળમાથી ખેંચી કાઢવા કેડકસી બહાર પડશો. અને દરેક બંધુઓને તેના પંજામાં સપડાતાં અટકાવશો તોજ અમારૂં તમારૂં અને આખા ભારતનું ભલું થયા વગર રહેશે નહિ.

જુગારીદાસ--કાકા, આજે અમને ઉપદેશ આપી પાપમાર્ગમાંથી સત્ય માર્ગ ઉપર દોરા લીધા છે. તન માટે અમે આપનો ખરા અંતઃકરણથી ઉપકાર માનીએ છીએ. વળી અમારા સવ બન્ધુઓને બે હાથ જોડીને વિનંતિ કરીએ છીએ કેઃ—

[જીવ તું શિદ ને ચિંતા કરે એ રાહ.]

જે જન રમશે દુષ્ટ જુગાર-ખરેખર તે નર થશે ખુવાર;......ટેક.
અન્ન આબરૂ મળે ન જેમાં-કમી થાય કલદાર;
લોક ભરૂંસો લેશ ન રાખે-નિંદા કરે અપાર......જે જન...૧.
મહાપાપ જૂઠું જાણે-પણ જૂઠ માર્ગને ઝાલે;
ચોરી જારી શીખી ચપળતા-ઘડીકમાં ઘર ઘાલે......જે જન...૨.
પાસેનું પરવારી પોતે-પરનું લેવા તાકે;
પ્રપંચના પરિણામે-પળમાં ફળમાં ધૂળજ ફાકે......જે જન...૩.
હરામ ચસકે થાય હડકવા-પાંચ લાખનું પાણી;
તોપણ બમણું રમે તોરથી-બધું થાય ધૂળધાણી......જે જન...૪
એક વસ્ત્ર પણ રહે ન અંગે-રહેવાને ઘરબાર;
ઘરૂણી કેરાં હરી ઘરેણાં-નિર્લજ વેચે નાર........જે જન...૫.
ઘરમાંથી ઘંટી પણ વેચી-રમવા જાય જુગાર;
બાવો બની બનાવે પરને-પણ નવ સમજે સાર......જે જન...૬.
જુવો પાંડવોને પણ તેમાં-હરકત પડી હજાર;
વસ્ત્ર હરણ થયું વનિતાનું-ઝાલ્યો હાથ જુગાર......જે જન...૭.
વળી જુઓ વૈદર્ભી વનમાં-પામ્યાં બહુ પરિતાપ;
અન્નોદક રજ મળ્યું ન તે પણ-જુગારનોજ પ્રતાપ...જે જન...૮.
આદી અનેકને આફતમાં-ભાળ્યા થતાં ભિખારી;
જોરાવરના જાન ગયા છે-વીરો! જુઓ વિચારી......જે જન...૯.
માટે એવા મહાપાપથી, બચો બચાવો બેલી;
તોજ ભલું આ થશે ભાર્ત્તનું-"કા-ન" શીખામણ છેલ્લી...જે જન. ૧૦